

# ખોટો ખેલ

**ખોટી વાતો કદી ન કરશો, કરો ના ખોટા ખેલજી,**
**ઘોડા પરથી નીચે પડશો, નીકળી જાશે તેલજી.**

તભા ભટ અને મિયાં ફુસકી ઊપડ્યા.

ઘણે દૂર જવાનું હતું. રાજપરના ઠાકોરે ખાસ કામે મોકલ્યા હતા. વહેલા જાગેલા. સૂરજ ઊગ્યો ત્યારે છ-સાત ગાઉ દૂર પહોંચી ગયા હતા.

જતાં જતાં મિયાં ફુસકી બોલ્યા : "એક વાત પૂછું?"

ભટજી કહે : "પૂછો."



મિયાંએ પૂછ્યું : "તમને ભૂખ લાગે તો શું કરો?"

ભટજી એકદમ ઊભા રહી ગયા અને બોલ્યા : "છો ને મૂરખા?"

મિયાં ફુસકી કહે : "કાં?"

ભટજી બોલ્યા : "નાનું બાળક પણ સમજી શકે છે કે ભૂખ લાગે તો ભોજન કરીએ. બીજું શું કરીએ?"

મિયાં ફુસકી બોલ્યા : "ભૂખ લાગી હોય અને પાસે ખાવાનું કંઈ ના હોય. આ વગડાની વાટ હોય. પાસે પૈસા હોય પણ વગડામાં કશું વેચાતું મળે એમ ના હોય. ખાધા વિના ઢીલા ગાભા જેવા બની ગયા હો ત્યારે તમે શું કરો?"

તભા ભટ બોલ્યા : "તો અમે કંઈક કરીએ. પણ તમે શું કરો?"

મિયાં મૂંડો ડોલાવીને મોજથી બોલ્યા : "મજાની વાત એ જ છે કે જે તમે ના કરી શકો અને તમે એ સમજો પણ નહીં એવું કરીએ."

ભટજી કહે : "શું કરો તમે?"

મિયાં બોલ્યા : "અમે બુદ્ધિ વાપરીએ. તમે જ કહેતા હતા ને કે બધાં કામ બુદ્ધિથી થાય છે."



તભા ભટ બોલ્યા : "લોટ હોય, પાણી હોય, ચૂલો હોય, લોઢી હોય પણ બાળવાનાં લાકડાં ન હોય તો રોટલા પકાવો શી રીતે? ત્યાં બુદ્ધિથી ચૂલો સળગે નહીં."

મિયાં ફુસકી કહે : "ચૂલો શું બુદ્ધિ હોય તો હોળી સળગે...!"

આમ ગપ હાંકતા જાય છે.

હવે બપોર થઈ.

ભટજી બોલ્યા : "મોટી ભૂલ કરી. સાથે ભાતું લાવ્યા નથી. ભૂખ લાગી છે."

મિયાં ફુસકી બોલ્યા : "તો હવે ચલાવો તમારું કંઈક ચક્કર અને ખાવાનું મેળવો."

થોડે દૂર એક વાડી હતી. ત્યાં ગયા. વાડીમાં ચીભડાંની વેલ હતી. ચીભડાં થયાં હતાં. વાડીવાળાએ ચીભડાં આપ્યાં. ભટજી અને મિયાં ફુસકીએ ચીભડાં ખાધાં. થોડી વાર બેઠા અને ચાલતા થયા.

જતાં જતાં મિયાં ફુસકી બેસી ગયા.

ભટજી કહે : "કાં બેઠા?"

મિયાં બોલ્યા : "અમને ખરેખરો થાક લાગ્યો છે. અમારાથી ચલાતું નથી. હવે તમારું કંઈક ચલાવો અને અમારો થાક મટાડો."

ભટજી બોલ્યા : "વગડામાં થાક ઊતરે એવું કંઈ ના મળે. અમે ભૂખ મટાડવા કંઈક કર્યું. તમને થાક લાગ્યો છે તો હવે તમારી પાસેની બુદ્ધિ વાપરો. હવે તમારો વારો. બુદ્ધિ ના ચાલતી હોય તો ઊભા થાઓ અને ચાલવા માંડો."

મિયાં ફુસકી વિચાર કરે છે કે ચાલીશ તો ભટજી હસશે કે તમારી બુદ્ધિ ના ચાલી. બુદ્ધિ શું ચલાવવી એ સૂઝતું નથી.

ભટજી કહે : "તો હવે તમે બેસી રહો. અમે ચાલીએ."

એવામાં પાછળથી કોઈ ઘોડા પર આવતું દેખાયું.

મિયાં ફુસકી બોલ્યા : "ભટજી જોજો હવે. અમે બુદ્ધિ ચલાવીએ છીએ. તમારે ટાંટિયા ઘસવા પડશે અને બંદા મોજથી જશે."

ભટજી કહે : "શી રીતે?"

મિયાં બોલ્યા : "એ તમે નહીં સમજો. આ બુદ્ધિનું કામ છે."

ઘોડો ત્યાં આવી પહોંચ્યો. ઘોડા પર કોઈ ભાઈ બેઠેલા. ઘોડો નજીક આવ્યો કે પગ પકડીને મિયાં ફુસકી બૂમો પાડવા માંડ્યા : "ઓ બાપ રે... ઓ મારા દાદા રે..."

ઘોડાવાળો ઘોડા પરથી ઊતરી ગયો અને પૂછ્યું : "થયું શું?"

મિયાં ફુસકી કહે : "અમને સાપ કરડ્યો."



ઘોડાવાળો બોલ્યો : "અરરરર! ક્યાંથી?"


મિયાં બોલ્યા : "અહીંથી કરડ્યો અને આમ ભાગી ગયો."

ભટજી ચૂપ થઈ ગયા. હા કે ના કંઈ બોલાય નહીં.

મિયાં ફુસકી બોલ્યા : "ઓ બામણભાઈ, ઊભા છો શું? અમને ઊંચકીને ઘોડા પર બેસાડો."

ઘોડાવાળો બોલ્યો : "હા ભાઈ ઊંચકો."

હવે તભા ભટથી ના કહેવાય નહીં. ઘોડાવાળાએ અને તભા ભટે ઊંચકીને મિયાં ફુસકીને ઘોડા પર ચડાવી દીધા. અરેરાટી કરતા અને વોય વોય કરતા મિયાં ફુસકી મોજથી ઘોડા પર બેસી ગયા. ઘોડાવાળા ભાઈ ચાલતા આગળ થયા.



ઘોડો અટક્યો. એને એમ થયું હશે કે આ અજાણ્યો મારી પીઠ પર કેમ ચડી ગયો અને મારો સાચો સવાર આગળ આગળ કેમ દોડતો ઊપડ્યો છે? આમ સમજીને ઘોડો હઠ્યો. આગલા પગે ઊભો થઈ ગયો. એ સાથે જ ગલોટિયું ખાઈને મિયાં ફુસકી ગબડી પડ્યા. પીઠભર પથ્થર ઉપર પડ્યા. હવે સાચી ચીસ નીકળી ગઈ. ઘોડો એવો

ચમક્યો કે ભાગવા જ માંડ્યો તે સીધો ગામના મારગે.

ઘોડાવાળો એને પકડવા પાછળ દોડતો ભાગ્યો. મિયાં ફુસકી ગોળ પોટલું બનીને સિસકારા નાખવા માંડ્યા.

ભટજી બોલ્યા : “આવા બુદ્ધિના ખેલ ના કરીએ. ખોટી રીતે બુદ્ધિ ચલાવે તેની આવી દશા થાય.”

મિયાં ફુસકી બોલ્યા : “એવા ઉપદેશ પછી કરજો. અમારી પીઠ ભાંગી છે. અમને બેઠા કરો. કોઈ હાડવૈદને ત્યાં લઈ જાઓ.”

ત્યાં ઘોડાવાળાભાઈ ઘોડાને પકડીને પાછા આવ્યા, પણ હવે તો મિયાં ફુસકીથી ઘોડા પર બેસાય એમ નહોતું.


ઘોડાવાળો બોલ્યો : “ભારે થઈ.”


મિયાં ફુસકી બોલ્યા : “બીજું ઘણું સરસ થયું. નીચે પછડાયા એટલે સાપનું ઝેર ઊતરી ગયું. વોય બાપ રે...!”

ઘોડાવાળો ઘોડા પર ચડ્યો. પૂરપાટ ઘોડો દોડાવીને ગામમાં ગયો. ત્યાંથી બળદગાડી લઈ આવ્યો. એમાં બેસાડીને મિયાં ફુસકીને પાછા રાજપર લઈ ગયો.

ત્યારથી મિયાં ફુસકી બુદ્ધિના ખોટા ખેલ ભૂલી ગયા.

વાત થઈ પૂરી.





# અવળી ઉપાધિ

**લાભ મળે તો ખોટું બોલે, પથરાને પણ પૂજેજી,**
**મિયાં ફુસકી એમ કહે, ખોટાને ખોટું સૂઝેજી.**

મિયાં ફુસકીના માથે આજ અજબ ઉપાધિ આવી.

પોતે કોઈ જાતની ગરબડ નહોતી કરી. કોઈની સાથે બકબકાટ નહોતો કર્યો. ત્યાં સંકટમાં ફસાઈ પડ્યા.
રાજપરથી ચાલ્યા. સ્ટેશને જવાનું હતું.

ત્યાંથી ગાડીમાં બેસવાનું હતું.

બીજા સ્ટેશને ઊતરવાનું હતું.

ત્યાંથી ગામમાં જવાનું હતું.

ગામમાં એક મલુક શેઠ હતા. તેમને મળવાનું હતું અને તેમને મોતીની માળા આપી દેવાની હતી.

સાથે તભા ભટ હતા.



રાજપરના ઠાકોરે મિયાં ફુસકીને કહેલું : “આ મોતીની માળા મલુક શેઠને જ આપજો. પછી તેમના જ હાથની પહોંચ લખાવી લાવજો.”

મિયાં ફુસકી બોલ્યા : “એવા અમે કાચા નથી કે પહોંચ લખાવ્યા વિના મોતીની માળા આપીએ. હા, અમે સિપાઈબચ્ચા.”

ભટજી બોલ્યા : “બધું કરજો, પણ મારગમાં કોઈની સાથે બોલશો નહીં.”

ખડ ખડ ખડ મિયાં ફુસકી હસ્યા.

ઠાકોર બોલ્યા : “કાં?”

મિયાં ફુસકી બોલ્યા : “અક્કલ વિનાની વાત આ ભટજી બોલ્યા ને? ત્યાં મારગ આવવાનો જ નથી. ગાડીમાં જવાનું છે અને ગાડીમાં આવવાનું છે. પછી અમે ગરબડ કરવાના ક્યાંથી? ગરબડ કરે એ બીજા. હા, અમે સિપાઈબચ્ચા!”

ભટજી ચૂપ રહી ગયા.

ગયા સ્ટેશને. બેઠા ગાડીમાં.

ગાડી ઊપડી.

આવ્યું સ્ટેશન અને ઊતરી પડ્યા.

મલુક શેઠના ઘરે પહોંચ્યા.


બપોર થઈ ગઈ હતી. જમી-પરવારીને મલુક શેઠ આરામ કરતા હતા. જરાય ગરબડ ન થવી જોઈએ. મલુક શેઠ આરામ કરતા હોય ત્યારે પૂરેપૂરી શાંતિ જોઈએ. એ માટે ઉપલા માળ પર આરામનો ખાસ ઓરડો હતો.

મલુક શેઠની મોટી હવેલી હતી. હવેલી એટલે મોટો બંગલો. હવેલીનો મોટો દરવાજો હતો. દરવાજે ચોકીદાર હતો.

દરવાજે જઈને તભા ભટ અને મિયાં ફુસકી ઊભા રહ્યા.

બપોર હતી.

ચોકીદાર જમીને હમણાં જ આવેલો તેથી જરા આરામથી બેઠેલો. પેટમાં ભોજન પડ્યું એટલે ભોજનની મોજ ચડી. એ





મોજમાં ચોકીદારની આંખમાં ઊંઘની મીઠાશ ઊતરી. અડધી અડધી આંખો મીંચતો જાય છે ને ચોકીદાર ઝોકાં ખાય છે.

ભટજી બોલ્યા : “દરવાજો બંધ છે. પાડો બૂમ.”

મિયાં ફુસકી બોલ્યા : “આંખો છે?”

ભટજી કહે છે : “બોર જેવડી બે.”

મિયાં બોલ્યા : “તો દેખતા કેમ નથી?”

ભટજી કહે : “બધુંય દેખીએ છીએ.”

મિયાં બોલ્યા : “મફતના લાડવા ખાય તેની બુદ્ધિ દબાઈ જાય છે. પછી દેખે છતાં ભાળે નહીં.”

ભટજી કહે : “એટલે?”

મિયાં કહે : “એટલે એમ કે આ દરવાજાની બારી બંધ છે, પણ અંદરથી સાંકળ વાસી નથી એટલે આપણે બૂમ પાડવાની જરૂર નથી. ચાલો, બારીમાં ઘૂસીએ અને અંદર જઈએ.”

ભટજી કહે : “કોઈના ઘરમાં પૂછ્યા વિના ના જવાય.”

મિયાં બોલ્યા : “અમે કહ્યું ને કે તમારી બુદ્ધિ લાડવા નીચે દબાઈ ગઈ છે. હરામનું ખાય અને હરામને હિંડોળે હીંચે એ બધા બુદ્ધિના બુઠ્ઠા જ બને છે. આપણે કોઈ અજાણ્યા નથી કે ચોરટા નથી. મોતીની માળા આપવા આવ્યા છીએ. એટલુંય નથી સમજતા?”

ભટજીને રીસ ચડી ગઈ.



મિયાં ફુસકી કહે : "બોલો બોલો! રીસ ના કરો."

ભટજી બોલ્યા : "અમે અહીં ઊભા રહીશું. તમે એકલા બારીમાં ઘૂસો."

મિયાં ફુસકીએ મોં મલકાવ્યું અને બોલ્યા : "બી ગયા ને? એમ ત્યારે. બામણ એ બામણ. હા, અમે સિપાઈબચ્ચા! એ… આ ઘૂસ્યા."

આમ બોલીને મિયાં ફુસકીએ બારીને ધક્કો મારી દીધો. બારી ઊઘડી ગઈ. ધીરેથી અંદર ઘૂસી ગયા.


આ સમયે ચોકીદારને ઊંઘનું ઘેન પાકું ચડી ગયેલું. તેથી તેની આંખો મીંચાઈ ગઈ હતી અને માથું આમતેમ ડોલતું હતું.

મિયાં ફુસકી આંગણામાં પહોંચ્યા.

ભટજીએ વિચાર કર્યો કે લાવ ને જરા જોઉં કે અંદર જઈને મિયાં ફુસકી શું કરે છે? મિયાંનું મગજ ગરમ થઈ જાય તો ન બોલવાનું બોલી જાય અને ઉપાધિ કરી બેસે.

આમ સમજીને ભટજીએ બારીમાં માથું ઘાલ્યું અને જોવા લાગ્યા.

પહેલાં તો મિયાં ફુસકી આંગણામાં ઊભા રહી ગયા.



સામે જ બેઠક હતી, પણ અત્યારે બેઠકનાં બારણાં અંદરથી બંધ હતાં. બાજુમાં બીજું બારણું હતું એ પણ બંધ હતું. બપોરનો સમય હતો એટલે નોકર વાસણ માંજવા બેઠેલો. રસોડાની બાઈ રસોડું ધોતી હતી. આંગણામાં કોઈ નહોતું. ત્યાં મિયાં ફુસકીએ સીડી જોઈ. ઉપલા માળ પર જવાની એ સીડી હતી. સીડીનું બારણું ઉઘાડું હતું. મિયાં ફુસકીને વાત સમજાઈ ગઈ કે ઉપર ઓરડામાં શેઠ હશે. બેઠક ઉપર જ રાખી હશે. ચલો ઉપર.

મિયાં ફુસકી ઉપર ચડ્યા. હળુહળુ પગ દેતા ચડી ગયા. ડોકું ઉપરના ઓરડામાં નીકળ્યું. ઊભા રહી ગયા.

જોયું તો શેઠ દેખાયા. પલંગ પર બેઠેલા દેખાયા. બાજુમાં મોટો તકિયો હતો.

એ તકિયાને અઢેલીને શેઠ આરામથી પડેલા હતા.

પગ લાંબા કરી દીધા હતા.

મિયાં ફુસકી બોલ્યા : “નમસ્તે શેઠજી!”


મિયાં ફુસકી હજી સીડી ઉપર જ ઊભા હતા.

શેઠજી કંઈ બોલ્યા નહીં. મિયાં ફુસકીને નવાઈ લાગી.

શેઠ ઊંઘી ગયા હશે કે શું? અને હા... ઊંઘે તે બોલી શકે નહીં. પણ એક વાતની મિયાં ફુસકીને શંકા ગઈ કે શેઠજીનું માથું એક બાજુ જરા ઢળી ગયું છે. નજીક જઈને જોઈ લઉં. કદાચ એમ જ શેઠ ઊંઘતા હોય.

આમ વિચારીને મિયાં ફુસકી દાદરો ચડીને ધીમે ધીમે શેઠના પલંગ નજીક ગયા.

એકદમ મિયાં ચમકી ગયા અને બોલી ઊઠ્યા : “અરરર! આ શું?”



આમ અરેરાટી કરીને મિયાં ફુસકી થીજી ગયા.

શેઠની છાતી પર લોહી હતું. છાતીના ભાગ પર ઝભ્ભો પણ લોહીથી રંગાઈ ગયો હતો. મડદા પેઠે શેઠ પડ્યા હતા.

વાત સાચી હતી. શેઠ મડદું થઈ ગયા હતા. જીવ ઊડી ગયો હતો. અહીં બીજું કોઈ નથી. કોઈ પાપી માણસ આવ્યો હશે. શેઠની છાતીમાં છરો મારીને નાસી ગયો હશે. અહીં વધારે વાર રોકાવું ન જોઈએ. ઝટ નીચે જાઉં અને ભટજીને વાત કરું. આમ વિચારીને મિયાં ફુસકી પાછા ચાલ્યા. એ જ સમયે દાદરામાં મિયાં ફુસકીનું માથું દેખાયું.

શેઠાણી જોઈ ગયાં અને બૂમ પાડી કે 'એ... કોણ છે દાદરામાં?'

આ બૂમ સાંભળી કે મિયાં ફુસકી વધારે ઝડપથી દાદરો ઊતરવા માંડ્યા. બીક લાગી કે આપણે ઉપાધિમાં ફસી જઈશું માટે ઝટ નીચે ઊતરી જઈએ.



શેઠાણીને નવાઈ લાગી કે ઝટઝટ દાદરો કોણ ઊતરી ગયું? એ શા માટે આવ્યું હશે?

આમ વિચારીને શેઠાણી ઝટઝટ ચાલ્યાં અને શેઠના પલંગ પાસે આવ્યાં કે આંખો પહોળી થઈ ગઈ અને 'હાય મા....!' એવી ચીસ પાડી.

શેઠની છાતી લોહીથી રંગાઈ ગઈ હતી. મડદા પેઠે શેઠ તકિયા પર ઢળી પડ્યા હતા.

શેઠાણી સમજી ગયાં કે નક્કી પેલો માણસ શેઠને છરો ભોંકીને નાસી ગયો.

એકદમ શેઠાણી બારી પાસે ગયાં. મિયાં ફુસકી દાદરો ઊતરી પડ્યા હતા અને દોડાદોડ દરવાજા પાસે પહોંચી ગયા હતા.

બારીમાંથી શેઠાણીએ બૂમ પાડી : "પકડો... પકડો.. પકડો... શેઠને મારી નાખીને એ પેલો ગુંડો જાય."

આવી બૂમ પડી કે ચોકીદારની ઊંઘ ઊડી ગઈ.

તે એકદમ ઊભો થઈ ગયો અને ઝટ બારી સામે જોયું. શેઠાણીને બૂમો પાડતાં જોયાં.

મિયાં ફુસકી ઝડપથી દરવાજામાંથી બહાર નીકળી ગયા. બહાર જતાંની સાથે જ મિયાં ફુસકીએ તભા ભટને બાથ ભરી લીધી.

ભટજી બોલ્યા : "શું થયું? આ બૂમ શાની પડી?"

મિયાં ફુસકી ખરેખરા ગભરાઈ ગયા. કશું બોલી શક્યા નહીં.

ત્યાં તો શેઠાણીએ બીજી બૂમ પાડી અને ચોકીદારને કહ્યું : "દોડો ઝટ... એ પેલો હત્યારો ગયો! શેઠને મારી નાખ્યા છે. પકડો... તેને, પકડો... ઝટ પકડો."



આ બૂમ તભા ભટે પણ સાંભળી.

ભટજી ગભરાયા અને બોલ્યા : "શેઠને મારી નાખ્યા છે એટલે? કોણે મારી નાખ્યા છે? તમે મારી નાખ્યા?"

મિયાં ફુસકી બોલ્યા : "ના રે બાપા ના."

તભા ભટ કહે : "તો તમે આમ ભાગતા કેમ આવ્યા?"

મિયાં કહે : "દાદરો ચડીને અમે ઉપર ગયા તો મલુક શેઠને લોહીવાળા જોયા એટલે ઉપરથી દાદરો ઊતરીને અમે ભાગ્યા. શેઠને કોઈએ મારી નાખ્યા હશે."

ભટજી બોલ્યા : "તમે શેઠને મરેલા જોયા? મડદું જોયું?"

મિયાં કહે : "એ જાણે ખુદા. શેઠને મડદા જેવા જોયા કે અમે ભાગ્યા."

મિયાં અને ભટજી આમ વાતો

કરે છે ત્યાં શેઠાણી ઉપલા ઓરડામાંથી નીચે ઊતરી આવ્યાં અને બૂમ પાડી કે ‘એ પેલા હત્યારા ખૂની ઊભા! ઝટ પકડો!’

શેઠાણીની આવી બૂમ સાંભળી કે ચોકીદાર દોડ્યો. દરવાજા નજીક આવ્યો કે મિયાં ફુસકીને અને ભટજીને જોયા.

પાછળથી ફરી વાર શેઠાણીનો મોટો બરાડો સંભળાયો કે ‘પકડો... પકડો... એને પકડો.’

શેઠાણી બહાર જોઈ શકતાં હતાં. દરવાજાની નાની બારી ઉઘાડી કે મિયાં ફુસકી અને ભટજીનાં માથાં સાફ દેખાયાં.

વળી શેઠાણીએ રડતાં રડતાં બૂમ પાડી : “એ જ બદમાશ ગુંડો છે... એ...જ, એ...જ. પકડો એને!”

તભા ભટ સમજી ગયા કે શેઠાણીએ મિયાં ફુસકીને જ પકડવાની બૂમ પાડી લાગે છે.

મિયાં ફુસકી રડું રડું થયા અને બોલ્યા : “ભટજી! મને જ પકડશે તો?”

ભટજી કહે : “ભાગો.”



ત્યાં તો 'પકડો... પકડો, હત્યા... હત્યા...' એવી બૂમો પાડતો ચોકીદાર દરવાજાની બહાર નીકળ્યો. દરવાજાની બારી પાસે જ તભા ભટ અને મિયાં ફુસકી ઊભા હતા.


બારીમાંથી બહાર નીકળે અને એક પગલું ચોકીદાર આગળ ચાલે કે મિયાં ફુસકીને પકડી શકે.

ચોકીદાર બારીમાંથી બહાર આવી ગયો. મિયાં ફુસકી સમજી ગયા કે હવે પોતે પકડાઈ જશે તો જેલમાં જવું પડશે. એ તો ઠીક પણ હમણાં બીજા લોકો દોડી આવશે અને મને મારવા માંડશે. શેઠનું ખૂન મેં કર્યું છે એમ સમજશે. એટલે તો મારી મારીને મારો છૂંદો કરી દેશે, માટે ભાગવા જ દો.

ભટજી પણ આ વાત સમજી ગયા કે અત્યારે સાચું-ખોટું શું છે એ કોઈ સમજશે નહીં. પહેલાં તો મારવા જ માંડશે. મને પણ મિયાંનો સાથીદાર સમજીને પકડશે. માટે મારે પણ ભાગવું જોઈએ. મિયાં ફુસકી ઝટ ભાગે એ તો સારું જ છે.

ભટજી આમ વિચારે છે.

ત્યાં તો ચોકીદાર પકડવા દોડ્યો. બે હાથ પહોળા કરીને મિયાં ફુસકીને પકડવા ધસી આવ્યો.



મિયાં ફુસકીને બાથ ભરવા ગયો.

તભા ભટનું કાળજું ફફડી ગયું.

ચોકીદાર પકડવા આવ્યો છે અને છતાં મિયાં ફુસકી ભાગ્યા નથી. એમ ને એમ ઊભા રહી ગયા છે.

પવનનો સુસવાટો બોલે એમ તભા ભટે ધીરેથી મિયાંને કહ્યું : "ભાગો, ભાગો... ઊભા છો શું?"

પણ મિયાં ફુસકી ઊભા જ રહ્યા.

ભાગવાની તૈયારીમાં હતા છતાં ઊભા રહી ગયા.

ચોકીદારને લાગ મળી ગયો. તે સમજ્યો કે બાથ ભરી લઉં. કચકચાવીને એવી બાથ ભરું કે છૂટી શકે નહીં.

બાથ ભરવા ચોકીદારે હાથ લાંબા કર્યા. કસકસાવી બન્ને હાથ ભીડવા ગયો કે ટપ દઈને મિયાં ફુસકી નીચે બેસી ગયા.

ધડામ કરતો ચોકીદાર નીચે પડ્યો.

અને મિયાં ફુસકી ભાગ્યા.

હા, મિયાં ફુસકીનો આ દાવ બરાબર હતો. પહેલેથી પોતે ભાગ્યા હોત તો ચોકીદાર બૂમો પાડતો પાછળ પડત. આજુબાજુમાંથી બીજા લોકો પણ દોડી આવત. તો બચવાને બદલે ઝટ પકડાઈ જાત.

ચોકીદાર ઊંધા મોંએ પડ્યો. હવે તે ઊભો થાય પછી બૂમો પાડે. એ સાંભળીને પછી લોકો દોડી આવે. ત્યાં સુધીમાં તો મિયાં ફુસકી દૂર પહોંચી ગયા હતા.

મિયાં ફુસકી મુઠ્ઠીઓ વાળીને માંડ્યા દોડવા. ચોકીદાર નીચે પડ્યો પછી ઊભો થતાં થતાં બૂમો પાડવા લાગ્યો. આજુબાજુનાં ઘરમાંથી માણસો બહાર નીકળ્યા. ચોકીદાર બૂમો પાડતો ઝટ ઊભો થયો.

ઊભો થયો કે તરત જ ચોકીદાર મિયાં ફુસકી પાછળ દોડવા માંડ્યો. દોડતો ગયો અને બૂમો પાડતો ગયો કે 'ખૂન... ખૂન... પેલો ખૂની જાય. પકડો.. પકડો... દોડો...'

લોકો વાત સમજી ગયા કે શેઠને મારી નાખીને પેલા મિયાંજી ભાગ્યા છે.

હવે તો નાના અને મોટા, આડોશીપાડોશી બધા દોડ્યા.

